RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : ૫

ઓક્ટોબર - ૨૦૧૬

કિંમત - રૂ.૧૦/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ




**સ્નેહ, શ્રદ્ધા અને સમર્પણના રંગે**
**સજાવીએ મનમંદિરને સમસ્ત સમાજના સંગે ....**



# નારાયણી નમોસ્તુતે

આત્મીય રઘુવંશી બંધુ-ભગીનીઓ,

જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ

આપ સૌની કુશળતા ઇચ્છુ છું. તા.૨૪-૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ શ્રી લોહાણા સમાજ નવી મુંબઈના યજમાનપદે અત્યંત સફળતાપૂર્વક યોજાયેલી મારા કાર્યકાળની તૃતિય કારોબારી સભામાં મળેલા જ્ઞાતિગંગાના સુંદર આશીર્વાદથી મારામાં અને મારા સાથી મિત્રોમાં અને મારા સાથી હોદ્દેદારોમાં એક નવી જ ઊર્જાનો સંચાર થયો છે. અનેક રીતે આ કારોબારી સમિતિની બેઠક યાદગાર બની રહી. સૌ પ્રથમ તો આ કારોબારી મીટીંગને સફળ બનાવવામાં યજમાન સંસ્થા તેમજ માતૃસંસ્થાના એ તમામ કાર્યકરો એ જવાબદારીની વ્યસ્તતાના કારણે જેઓ ફોટામાં નથી આવી શક્યા તેમને હું વિશેષ અભિનંદન આપું છું.

કારોબારી સમિતિની બેઠક એ આમ તો છ માસ દરમિયાન લોહાણા મહાપરિષદ દ્વારા અનેકવિધ પ્રકલ્પો ઉપર થયેલી કાર્યપ્રવૃત્તિઓનો અહેવાલ આપવાનો અને ભવિષ્યમાં વધુ સારી રીતે પ્રવૃત્તિઓ થાય તે માટે ટ્રસ્ટીશ્રીઓ તેમજ વરિષ્ઠ હોદ્દેદારોના સૂચન અને વિચારોના આદાનપ્રદાન માટેનું માધ્યમ છે. આ કારોબારી બેઠકમાં આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારોહના માધ્યમથી સમગ્ર વિશ્વમાં પથરાયેલી રઘુવંશની પ્રતિભાઓને ઉજાગર કરી તેમને સન્માનિત કરવાનો પણ સુંદર લ્હાવો મળ્યો અત્રે તમામ એવોર્ડ વિજેતાઓ તેમજ એવોર્ડ સૌજન્ય દાતાશ્રીઓને પણ હું હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

આગામી સમયમાં પૂ. જલારામબાપાની રથયાત્રા, નવરાત્રી મહોત્સવ તેમજ ભાગવત્ વિદ્યાપીઠ સોલા ખાતે અતિથિ ભવનનું નિર્માણ તથા માતૃતીર્થ સિધ્ધપુર મુકામે સમગ્ર વિશ્વની માતૃસંસ્થાના તર્પણ અર્થે પૂ. રમેશભાઈ ઓઝાના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનું આયોજન જેવા પ્રોજેક્ટથી માતૃસંસ્થા સદાય ચેતનવંતી રહેશે.

નવરાત્રીના દિવસોમાં શક્તિની આરાધના અને ત્યારબાદ દિવાળી પર્વ તમામ રઘુવંશી પરિવારો માટે સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવનારું બની રહે અને સમગ્ર રઘુવંશી સમાજની સમૃદ્ધિમાં આપ સૌના સાથ સહકાર અને ઉદાર ભાવનાથી આપણે સૌ માતૃસંસ્થાના કૃપાપાત્ર બની રહીએ એવી ઇશતત્વને પ્રાર્થના સાથે સૌને નૂતન વર્ષ માટે આગોતરી શુભેચ્છાઓ અને મંગલકામનાઓ.



આપ સૌનો શુભાકાંક્ષી,

**પ્રવિણ ટી. કોટક**
**પ્રમુખ - શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : ૫
ઓક્ટોબર - ૨૦૧૬
અંક : ૫૮
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : તરૂણ દત્તાણી
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)
રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (ઇન્દોર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૭૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : ૧૮ સળંગ અંક : ૨૧૭

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની ખાસ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
કારોબારી સમિતિ બેઠક અહેવાલ (સત્ર – ૧)........ ૪
કારોબારી સમિતિ બેઠક અહેવાલ (સત્ર – ૨)........ ૧૦
કારોબારી સમિતિ બેઠક અહેવાલ (સત્ર – ૩........ ૧૬
કાર્યાલય સમાચાર ........ ૨૨
સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ........ ૨૪

**ક્ષમા યાચના :** આ અંકમાં કારોબારી સમિતિની બેઠકના વિગતવાર અહેવાલને કારણે સંસ્થા સમાચારો તથા સમિતિ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમોના વિગતવાર સમાચારો તથા ફોટોગ્રાફ સમાવી શક્યા નથી તે બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ. આ સમાચારોને આગામી અંકમાં યથોચિત્ રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે.

– વ્યવસ્થાપક

## સંકલ્પ

આવો, આપણે સૌ સાથે મળી રઘુવંશી સમાજમાંથી
થેલેસિમિયા મેજર નામની મહાભયાનક બીમારીને જાકારો આપીએ.
સમાજના દરેક યુવાન ભાઈ-બહેનોને
લગ્ન સંબંધો પૂર્વે થેલેસિમિયા રક્ત પરીક્ષણ માટે પ્રોત્સાહિત કરીએ.

## થેલેસિમિયા નાબુદી અભિયાન



## વૃક્ષો વાવો ધરતી બચાવો

## શ્રી લોહાણા મહાપરિષદની પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના પ્રમુખસ્થાને તૃતિય કારોબારી સમિતિની બેઠક શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈના સાનિધ્યે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન.



તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૬ને શનિવારના રોજ લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક તથા તમામ વરિષ્ઠ હોદ્દેદારો અને મધ્યસ્થ કાર્યાલયના મિત્રો મુંબઈ એરપોર્ટ પર પહોંચ્યા જ્યાં મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી નીતીનભાઈ પાંધી, શ્રી નિખિલભાઈ સુબા, શ્રી મુકેશભાઈ કોટક, ડૉ. સુરેશભાઈ પોપટ તથા મહારાષ્ટ્ર વિભાગની ટીમના સભ્યો અંતરના ઉમળકાથી માતૃસંસ્થાનું સ્વાગત કર્યું હતું.



તા. ૨૪/૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ લોહાણા ભવન, નવી મુંબઈ ખાતે આયોજીત બે દિવસીય કારોબારી સમિતિની બેઠકમાં દેશ-વિદેશના કારોબારી સભ્યશ્રીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સમાજના વિકાસ માટે વિવિધ એજન્ડા ઉપર સહમતિ સાધી આગેકૂચનો નિર્ધાર જાહેર કર્યો. તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૬ને શનિવારના રોજ સત્ર-૧ની શરૂઆત દીપ પ્રાગટ્ય અને રઘુવંશી ધ્વજવંદન ગીતથી થઈ. ગણેશ વંદનાના સાંસ્કૃતિક કાર્યક્રમથી વાતાવરણને દિવ્યતા મળી. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિનું શાબ્દિક સ્વાગત શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયાએ કર્યું હતું અને આખી ટીમ વતી શ્રી પ્રવિણભાઈ કોટકનું મેમેન્ટોથી પણ સન્માન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે,



મુંબઈ-પુના હાઈવેથી લોહાણા ભવન સુધી લગભગ ૨૦૦ જેટલા હોર્ડિંગ્સ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના આગમન અને સ્વાગત અંગે યજમાન સંસ્થા દ્વારા લગાવવામાં આવ્યા હતા જે યજમાન સંસ્થાના ઉત્સાહની પ્રતીતિ કરાવતા હતા. બેઠકની શરૂઆતમાં ગત છ માસમાં જેમનું દેહાવસાન થયું છે તેવા રઘુવંશના કુળદીપક પૂ.જયસુખરામબાપા ગીરધરરામબાપા તથા તમામ રઘુવંશી દિવંગતોને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. અત્રે વિશ્વવંદનીય સંત પૂ.પ્રમુખ સ્વામી મહારાજ તેમજ ભારતમાતાની રક્ષા કરતા કરતા શહીદ થનાર નૌજવાનોને પણ શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ મિટિંગમાં અનિવાર્ય સંજોગોના કારણે હાજર ન રહી શકનાર મહાનુભાવો તેમજ કારોબારી સભ્યશ્રીઓના સંદેશાવાંચન કરી રજા મંજૂર કરવા બહાલી મેળવવામાં આવી હતી. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે તા. ૩ એપ્રિલ, ૨૦૧૬ના રોજ સમસ્ત હાલાર રઘુવંશી સમાજના યજમાનપદે જામનગર મુકામે યોજાયેલ કારોબારી સમિતિની બેઠકના ઠરાવોનું વાંચન કરી સર્વાનુમતે બહાલી મેળવી આ મિનિટ્સ ઉપર પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના હસ્તાક્ષર મેળવ્યા હતા.



શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત વર્ષ ૨૦૧૬ માટેના આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ પ્રમુખશ્રી, વરિષ્ઠ હોદ્દેદારો તેમજ સૌજન્ય પરિવારો દ્વારા



શ્રી સી. જે. ઠક્કર



શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના

એનાયત કરાયા. સમગ્ર વિશ્વમાં વસતા રઘુવંશીઓની વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠત્તમ સેવાઓને પ્રોત્સાહિત કરવા માટે આયોજીત આ એવોર્ડ એનાયત વિધિ સમારોહ ખૂબ જ મનનીય બની રહ્યો. આ એવોર્ડ સમારોહમાં શ્રેષ્ઠ લોહાણા મહાજન તરીકે વડોદરા ગુજરાત, શ્રેષ્ઠ ગૌશાળા તરીકે શ્રી માધવ પાંજરાપોળ ટ્રસ્ટ ગૌશાળા - સુરજકરાડી તેમજ સૌરાષ્ટ્રના શ્રી રમેશચંદ્ર કેશવજી ઠક્કર, શ્રી ગોપાલ અશ્વિનકુમાર વિઠલાણી, શ્રી જય રાજેશ રૈયારેલા, શ્રીમતી જયાબેન ખેરાજ ઠકરાર, શ્રીમતી શિલ્પાબેન પુજારા, શ્રી રમેશચંદ્ર નંદલાલ કોટક, સુશ્રી કુંદનબેન રાજાણી, શ્રી દિલીપભાઈ કોટેચા, શ્રી વિજયભાઈ તથા હિમાંશુભાઈ મશરૂ, શ્રી ધીરેનભાઈ બદિયાણી તેમજ શ્રી રાહુલભાઈ ભરતભાઈ મોદી, મહારાષ્ટ્ર તેમજ મધ્યભારતથી ડૉ. મોનિકા શાંતિલાલ ઠક્કર, શ્રી રાહુલ મહેન્દ્રકુમાર સેદાણી, શ્રી દિલીપભાઈ રાઘવજીભાઈ કાપડીયા, શ્રી જયંતિલાલ સેજપાલ, સુશ્રી નેહા કિરીટ રાજા, શ્રી અમીષભાઈ લક્ષ્મીદાસ જોબનપુત્રા, ક્રિશ્ના ચંદ્રકાન્ત મશરૂ, સ્નેહ વિજયભાઈ મિરાણી તથા કરણ કિર્તીભાઈ ઠક્કર, કચ્છથી શ્રી શશીકાંતભાઈ જયરામભાઈ રૂપારેલ તથા શ્રી વેદાંત વિકાસભાઈ ઠક્કર, ગુજરાતથી શ્રી નિર્ભય ધવલભાઈ ઠક્કર, શ્રી વાસુદેવ રમેશચંદ્ર ઠક્કર, સુશ્રી દિપ્તી પરાગ રાડિયા, શ્રી રાજુભાઈ એમ. ઠક્કર, સ્વ.શ્રી ફરસુભાઈ પ્રભુરામભાઈ કક્કડ, કુ.ઈશા જય મજીઠીયા, ઉત્તર પૂર્વ વિભાગથી શ્રી જયશીલ તથા તક્ષીલ બુધ્ધદેવ, આફ્રિકાથી શ્રી આનંદ શશીકાંત ગઢિયા, સુશ્રી કલ્પનાબેન કારીયા તથા યુ.કે. થી સુશ્રી સંધ્યાબેન શીરીષકુમાર ગંડેચા વિવિધ કેટેગરીમાં માતૃસંસ્થાના મંચ પરથી સન્માનિત કરાયા હતા.

રાત્રે ૯.૦૦ વાગ્યા સુધી ચાલેલા આ સમારોહમાં લોહાણા સમાજ, નવી મુંબઈની દિકરીઓ તથા માતાઓ દ્વારા રાધા-કૃષ્ણની થીમ ઉપર અત્યંત મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ ભવ્ય આયોજન થયું હતું. એવોર્ડ સમિતિના કન્વીનર શ્રી સી. જે. ઠક્કરે સમાપન સમયે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬ના આ એવોર્ડ સમારોહ માટે લગભગ ૧૫૦ જેટલા નોમિનેશન્સ મળ્યા હતા તે તમામ અભિનંદનના અધિકારી છે પરંતુ વ્યવસ્થા તથા નીતિના ભાગરૂપે મર્યાદિત પસંદગી કરવાની હોઈ અફસોસની પણ લાગણી વ્યક્ત કરી હતી. આ સત્રનું સુંદર સંચાલન શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું.



## આંતરરાષ્ટ્રીય એવોર્ડસ ૨૦૧૬ અંતર્ગત સન્માન




શ્રેષ્ઠ લોહાણા મહાજન એવોર્ડથી વિભૂષિત શ્રી રઘુવંશી લોહાણા મહાજન, વડોદરા.



શ્રેષ્ઠ રઘુવંશી ગૌસેવા કેન્દ્ર એવોર્ડથી વિભૂષિત
શ્રી માધવ પાંજરાપોળ ટ્રસ્ટ ગૌશાળા, સુરજકરાડી, સૌરાષ્ટ્ર.



શ્રેષ્ઠ ગૌસેવક એવોર્ડથી વિભૂષિત
શ્રી રમેશચંદ્ર કેશવજી ઠક્કર, રાજકોટ, સૌરાષ્ટ્ર.




શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી આનંદ શશીકાન્ત ગઢીયા, કિશુમુ, કેન્યા, આફ્રિકા.



શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી નિર્ભય ધવલભાઈ ઠક્કર, ગાંધીનગર, ગુજરાત,



શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી શશીકાંતભાઈ જેરામભાઈ રૂપારેલ, ભુજ, કચ્છ.



શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી ગોપાલ અશ્વિનકુમાર વિઠલાણી, રાજકોટ, સૌરાષ્ટ્ર



શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ (શોધ - સંશોધન)થી વિભૂષિત
શ્રી વાસુદેવ રમેશચંદ્ર ઠક્કર, વલ્લભ વિદ્યાનગર, ગુજરાત.



શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ (શોધ - સંશોધન)થી વિભૂષિત
શ્રી જયભાઈ રાજેશભાઈ રૈયારેલા, પોરબંદર, સૌરાષ્ટ્ર.



શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
ડૉ.મોનિકાબેન શાંતિલાલભાઈ ઠક્કર, અમરાવતી, મહારાષ્ટ્ર



શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી રાહુલ મહેન્દ્રકુમાર સેદાણી, અમરાવતી, મહારાષ્ટ્ર,



શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
સુશ્રી દિપ્તી પરાગ રાડિયા, અમદાવાદ, ગુજરાત



શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી દિલીપભાઈ રાઘવજીભાઈ કાપડીયા, મુંબઈ, મહારાષ્ટ્ર.



શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
ચિ. ઈષા જય મજીઠીયા, અમદાવાદ. ગુજરાત.



શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
ચિ. જયશીલ / તક્ષીલ બુધ્ધદેવ, હરિયાણા, દિલ્હી



શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
ચિ. વેદાંત વિકાસભાઈ ઠક્કર, ગાંધીધામ, કચ્છ,



શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
ચિ. સ્નેહ વિજયભાઈ મિરાણી, દહીસર, મુંબઈ, મહારાષ્ટ્ર,



શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ (વ્યાપાર - ઉદ્યોગ - ધંધો)થી વિભૂષિત
શ્રી રાહુલ ભરતકુમાર મોદી, જામનગર, સૌરાષ્ટ્ર



શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ (વ્યાપાર - ઉદ્યોગ - ધંધો)થી વિભૂષિત
શ્રી કરણ કીર્તિભાઈ ઠક્કર, મુંબઈ, મહારાષ્ટ્ર



શ્રેષ્ઠ રઘુવંશી નારી ગૌરવ પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રીમતી જયાબેન ખેરાજભાઈ ઠકરાર, રાજકોટ, સૌરાષ્ટ્ર



શ્રેષ્ઠ રઘુવંશી નારી ગૌરવ પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રીમતી શિલ્પાબેન નરેન્દ્રભાઈ પુજારા, રાજકોટ, સૌરાષ્ટ્ર



શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ થી વિભૂષિત
શ્રી રમેશચંદ્ર નંદલાલ કોટક, રાજકોટ, સૌરાષ્ટ્ર,



શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ થી વિભૂષિત
સુશ્રી કુંદનબેન રાજાણી, રાજકોટ, સૌરાષ્ટ્ર




શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ થી વિભૂષિત
શ્રી રાજુભાઈ એમ. ઠક્કર, હાલોલ, ગુજરાત



શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
સ્વ.પૂ.શ્રી ફરસુભાઈ પ્રભુરામભાઈ કક્કડ, અમદાવાદ. ગુજરાત,



શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી દિલીપભાઈ ગોપાલભાઈ કોટેચા, મીઠાપુર, સૌરાષ્ટ્ર,



શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી વિજયકુમાર ભગવાનજીભાઈ મશરૂ, તથા શ્રી હિમાંશુભાઈ કાંતિલાલ મશરૂ, માણાવદર, સૌરાષ્ટ્ર,



શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી જયંતીલાલ ભગવાનજીભાઈ સેજપાલ, આકોટ, મહારાષ્ટ્ર,



શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રી ધીરેનભાઈ પુરષોત્તમભાઈ બદીયાણી, ખંભાળિયા, સૌરાષ્ટ્ર



શ્રેષ્ઠ રઘુવંશી મહિલા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
સૌ.નેહા કિરીટ રાજા, અમરાવતી, મહારાષ્ટ્ર



શ્રેષ્ઠ રઘુવંશી મહિલા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
શ્રીમતી કલ્પના કારીયા, કિશુમુ, કેન્યા,



શ્રેષ્ઠ રઘુવંશી મહિલા પ્રતિભા એવોર્ડથી વિભૂષિત
સુશ્રી સંધ્યાબેન શિરીષકુમાર ગંડેચા, યુ.કે.



શ્રેષ્ઠ રઘુવંશી સાહસિક પ્રતિભા (સાહસ / રમતગમત) એવોર્ડથી વિભૂષિત
કિમ્બા ચંદ્રકાન્ત મશરૂ, યવતમાલ, મહારાષ્ટ્ર.



શ્રેષ્ઠ રઘુવંશી પત્રકારત્વ એવોર્ડથી વિભૂષિત
શ્રી અમીષભાઈ લક્ષ્મીદાસ જોબનપુત્રા, નાસિક, મહારાષ્ટ્ર

# કારોબારી સમિતિ બેઠક સત્ર ૨

ભોજન વિરામ બાદ રાત્રે ૧૦.૦૦ કલાકે કારોબારી સમિતિ બેઠક સત્ર -૨ની શરૂઆત થઈ હતી જેમાં શ્રી મોહનભાઈ ઠક્કરે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર આપ્યો હતો. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની મંજૂરીથી મીટીંગનો દોર શરૂ થયો હતો જેમાં મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદના મહિલા વિભાગ, યુવા વિભાગ તેમજ વિવિધ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ દ્વારા થઈ રહેલી સુંદર પ્રવૃત્તિઓને બિરદાવી કાર્યપદ્ધતિને સુસંકલિત કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મહિલા વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ મહિલાઓને સુંદર અવકાશ આપવા બદલ અને વિશેષ જવાબદારી આપવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનો આભાર માન્યો હતો અને મહિલા ટીમ દ્વારા થઈ રહેલી સુંદર કાર્યપ્રવૃત્તિઓને બિરદાવી હતી. તેમજ આ કાર્યમાં તન, મન અને ધનથી સમર્પણ ભાવથી જોડાયેલી તમામ બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. યુવા વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરાએ યુવા ટીમ દ્વારા શરૂ થયેલ મિસ્ડ કોલ પ્રોજેક્ટ તેમજ બ્લડ સેવા પ્રોજેક્ટ અંગે માહિતી આપી હતી. તાજેતરમાં જ મળેલી યુવા વિભાગના રાષ્ટ્રીય બેઠક અંગે શ્રી અજયભાઈએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વના રઘુવંશીઓના કુટુંબોની માહિતી એકત્રીકરણ માટે યુવા વિભાગે તૈયારી કરી છે. દરેક વિભાગના ઉપપ્રમુખશ્રીઓ તેમજ મહાજનશ્રીઓના પ્રમુખ તેમજ હોદ્દેદારાનો સાથ-સહકારથી આ કાર્ય ખૂબ ઝડપથી શરૂ કરી દેવાશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. તમામ યુવા અધ્યક્ષો તેમજ આઈ.ટી. ટીમ ખુબ સુંદર રીતે કાર્યને આગળ ધપાવી રહી છે તે બદલ સૌને તેમણે અભિનંદન આપ્યા હતા.




આ પ્રસંગે શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી, થેલેસેમિયા સમિતિના અધ્યક્ષ ડૉ. રમેશ ભાયાણી, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણી, સમાધાન સમિતિના અધ્યક્ષ શ્રી ઠાકોરભાઈ ઠક્કર, કૌશલ્ય વિકાસ સમિતિના અધ્યક્ષ શ્રી જીજ્ઞેશભાઈ ભજીયાવાલા, પ્રોફેશનલ સમિતિના ઉપાધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયા, સામાજિક સુરક્ષા સમિતિના ઉપાધ્યક્ષ શ્રી નટુભાઈ આચાર્ય, રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા, લગ્નવિષયક સમિતિના


શ્રી મોહનભાઈ ઠક્કર


શ્રી હિમાંશુભાઈ ઠક્કર


સુ. શ્રી ડૉ. નિમાબેન આચાર્ય


શ્રી અજયભાઈ વડેરા


શ્રી હસમુખભાઈ દાવડા


શ્રી ડૉ. રમેશભાઈ ભાયાણી


શ્રી પીયૂષભાઈ મજેઠિયા


શ્રી ધર્મેશભાઈ હરિયાણી


શ્રી જિગ્નેશભાઈ ભજિયાવાળા


શ્રી કિરીટ ભિમાણી


શ્રી નટુભાઈ આચાર્ય


શ્રી શિલ્પાંગભાઈ કારિયા

## હાર્દિક શુભેચ્છા સહ



ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

## હાર્દિક શુભેચ્છા સહ

**સુરેશભાઈ એચ. ચંદારાણા પરિવાર**
**ઉપપ્રમુખ (સૌરાષ્ટ્ર વિભાગ), રાજકોટ**
**૯૮૨૪૦૬૬૩૭૫**

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
**98251 75353**

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Fern Hotels

**The Fern Residency, Kuwadva Road, Rajkot.**
**E-mail : nitin@sgsrgroup.com**

## શ્રી ભરત હંસરાજ દક્ષાણી



પ્રભારી - શ્રી લોહાણા મહાપરિષદ
મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ
સર્વ લોહાણા જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા
તથા
જય ઝૂલેલાલ

**ROYAL | EXPRESS**
BETTERING TOMORROW



www.royalexpressbus.com

DAILY SERVICE: 2X1, A/C & NON A/C SLEEPER & SEATING COACH
GANDHIDHAM-BHUJ-MUNDRA-MANDVI-ADIPUR-ANJAR
RAJKOT-JAMNAGAR-DWARKA-MITHAPUR-BARODA-SURAT-VAPI
UDAIPUR-AJMER-JAIPUR
MUMBAI-PUNE-NASIK-SHIRDI-AHMADNAGAR-DHULIYA-AURANGABAD

**DAILY PARCEL SERVICE M.9909900176**

**Sandeep Jayakar**
Director - Operations
M : +91 93223 32038

**Universal Currency Exchange (I) Pvt. Limited**

Office : Shop No. 1, Chintamani Plaza, Andheri Kurla Road, Andheri (East)
Mumbai 400 099. Landline : 022 6500 0425 / 426 / 427
Email : sandeep@currencyexchange.net.in

**Gadhiya Travelhub Pvt. Ltd.**
Always at your service...
079 4008 2288

OUR SERVICES



Domestic & International Air Tickets
World Wide Hotel Booking
Car & Bus on Rent
Passport, Visa & Travel Insurance Assistance
Rail & Bus Tickets
Domestic & International Tour Packages

Address: UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com

## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...


હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

JTC
Jalaram Transport Co.
FLEET OWNERS TRANSPORT CONTRACTORS & COMMISSION AGENT
H.O : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

Hero
Bipin Batavia
Proprietor
SHIVANG AUTOMOBILES
Authorised Dealer Hero MotoCorp Ltd.
Showroom :
Near Old Mumbai Naka, New Mumbai-Agra Road, Nashik-422001.
Telephone : (0253) 2503121, 25003221 Fax : (0253) 2500679
Mobile : +91 9822034505 E-mail : shivang.nasik@heromotocorp.biz,
heromotocorp@shivangautomobilesindia.com

હાર્દિક શુભેચ્છા સહ
ભરતભાઇ ચંદારાણા
પરિવાર, નાશિક

હાર્દિક શુભેચ્છા સહ
સુરેશભાઇ કોટક
પરિવાર, નાશિક

હાર્દિક શુભેચ્છા સહ
કિશનભાઇ સોમાણી
પરિવાર, નાશિક

A Divine Fragrance.....
nandini
AGARBATTI
HEAD OFFICE :
NANDINI AGARBATTI CO. PVT. LTD.
5/6, Ambedkar Shopping Centre,
Red Cross Chowk, Nashik - 422 001.
Maharashtra (INDIA)
Tel. : +91 253 - 2578816, 2578708
Fax : +91 253 - 2512400
Email : info@nandiniagarbatti.com
Website : www.nandiagarbatti.com
WORKS :
"Ushakiran" Nandini Nagar
Hirawadi Road, Panchvati,
Nashik - 422 003. Maharashtra (INDIA)
Tel. : +91 253 2511400

YAMAHA
Mahesh Thakkar
Partner
TORQUE MOTORS
Showroom : Shop No. 2, Komal Plaza,
Near INOX Cinemas, Nasik Pune Road,
Nasik - 422006
Ph : +91 94222 59554
E-mail : mahesh.torquemotors@gmail.com
Torque Responsibly

# મિસ કોલ પ્રોજેક્ટ...૯૯૦૯૯૦૦૧૨૩, પર અવશ્ય ફોન કરો

From celebrations to recreation to relaxation. Radisson, Kandla has it all.




Airport Road, Gandhidham, Gujarat, India - 370201. Tel: +91 2836 666666, 99798 45581 | www.radisson.com/kutchin

Radisson


**ભરતભાઈ રેલીયા, રાજકોટ**

**૯૮૨૫૦ ૭૮૯૫૯**

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

National Chairman,
Skill Development Committee,
Shree Lohana Mahaparishad.



JIGNESH BHAJIAWALA

+91 98796 22555 jigneshbhajiawala@gmail.com
40, Gayatri Society-1, Udhnagam, Udhna, Surat- 394210.

GITA KOTAK LOSE 11 KG. IN 3 MONTH

Lose Weight
&
Earn Income
Call For Appointment
Girish Kotak
+91 9173624590
+91 9426370926



Results Are Not Tripical & May Vary From Person to person

**હાર્દિક શુભેચ્છા સહ**

**કરસનભાઈ મૂળજીભાઈ કતીરા પરિવાર, નાશિક**

Project by :
DEV PROPERTIES
FF-111, Shiddhi Vinayak Complex, Opp. Railway Station,
Farmaji Compound, Alkapuri, Vadodara.




187/12/B/1-2, Champalipura, Nr. CASA Paradise Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

187, Champalipura, Nr. Narmada Vasahat Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

MARVELOUS PLASTICS

2/9, BIDC Gorwa, Gorwa Road, Vadodara - 390016.
Phone : +91 265 2286141 Mobile : 9825037976
E-mail : maganbhairupavel@yahoo.co.in
marvelousco@yahoo.co.in

UDIT INVESTMENTS

**Mukesh Chothani**
Certified Financial Consultant

- Mutual Funds • Investment
- Insurance • Retirement
- Tax Planning • I.P.O. & Bonds
- Co-Deposite & Loan Consultancy

2, First Floor, Amrut Chambers, Malegaon Stand, Panchavati, Nashik-422003
Tel. (O) 0253-2511136, 6565755, (M) 9822274907
E-mail _ namaskar37@gmail.com

PRESIDENT : GUNTAVNUK PRATINIDHI VIKAS SANSTHA, NASHIK

**હાર્દિક શુભેચ્છા સહ**

**યોગેશભાઇ કાનાણી પરિવાર, નાશિક**

રક્તદાન... મહાદાન... Download : lmpbloodseva.org

## કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321
ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટરલીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટી: શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકરશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : અખિલ ગુજરાત લોહાણા સમાજ

shop : 23682362
## S.S.THAKKAR
Farm Fair, next to IOC Petrol pump
warden Road, Mumbai - 400026.
JUGHEAD HOTDOGS & MORE · Bistro@ Coffee Break · FARM FAIR CHINESE CUISINE · baskin robbins

Jai Raghuvansh, Jai Mahaparishad
BK
## DAMYANTI FOOD PRODUCTS
*(a Unit of B.K. Group, Nagpur)*
Manufacturers Of :
Mill Rawa, Upma Rawa (roasted), Wheat Daliya, Wheat Flour, Maida,
Wheat Rawa Roasted, Jada Poha in Attractive Consumer Packs
For Trade Inquiries Contact : M - 09423682727

## હરીલાલ દયાળજીભાઈ ઠક્કર (રામાણી)
આદીપુર મો. ૯૮૭૯૧૩૮૧૫૩

વિભાગીય અધ્યક્ષ, કચ્છ - લગ્નવિષયક સમિતિ
શ્રી લોહાણા મહાપરિષદ
ચેરમેન - મેરેજ બ્યુરો
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન

## MONARCH
(A house of complete Software Solution)
Our Software Services
- Accounting Software
- Income-Tax Software
- Service-Tax Software
- Web Designing
- Project report System Software.
- Value Added Tax Software
- Audit Reporting System
- smsmonarch.com

31-35, Gandhi Chambers, 5/694, Bhavaniwad, Haripura, Surat - 395003.
Tel. : (0261) 2418983-84-85-86 Customer Care: : 95100 56789 95101 56789
helpsurat@yahoo.com • www.i-tax.in

## શૈલેષભાઈ સોનપાલ
airtel
૯૮૯૮૬ ૫૨૧૬૩
SAMSUNG
Shivam Agency
Shivam Mobile Services Pvt. Ltd.
Radhey Sales Pvt. Ltd.
16, Karunesh Nagar, Near Small Wonder School
Parvat Patiya, Surat - 395010.

## હાર્દિક શુભેચ્છા સહ
## કિશોરભાઇ ઠક્કર
## પરિવાર, નાશિક

## PARi Creation
PARi Girls Ethnic Wear

414, Atlantic Plaza, Garage Gally, Near Tilak Bhavan,
K.G. Marg, X Tulsi Pipe Road, Dadar (W), Mumbai-28
Tel. : 022-24329342 / 24216983 Whatsapp : 9004257777
E-mail : pari.creation@yahoo.com Website : www.paricreation.com

અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દાવડા, કેળવણી સમિતિના ઉપાધ્યક્ષ શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના તેમજ યાત્રા-પ્રવાસન સમિતિના ઉપાધ્યક્ષ શ્રી દિનેશભાઈ મારફતિયાએ પોતપોતાની સમિતિ દ્વારા વર્ષ દરમિયાન થયેલા કાર્યો અને ભાવિ આયોજનો અંગે ઓડિયા-વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન દ્વારા સુંદર માહિતી આપી પોતાની નિષ્ઠા અને કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. લગભગ રાત્રે ૧૨.૪૫ કલાકે સત્ર-૨નું સમાપન થયું હતું. યજમાન સંસ્થા દ્વારા અલ્પાહારની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે સૌના ઉત્સાહને અને માતૃસંસ્થા પ્રત્યેની નિષ્ઠાની ભારોભાર પ્રસંશા કરી હતી.




અત્રે ઉલ્લેખનીય છે કે લગ્ન વિષયક સમિતિ દ્વારા વિદેશના દિકરા-દિકરીઓ માટે કે વિદેશ જવા ઈચ્છતા દિકરા-દિકરીઓ માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ માધ્યમ બને તે માટે વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરના સીધા માર્ગદર્શન હેઠળ મુંબઈ ખાતે તા. ૭-૮-૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ પરિચય મેળાનું આયોજન કરેલ છે. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રૂા. ૧૧,૦૦૦/-નો રજિસ્ટ્રેશન ચાર્જ નિર્ધારિત કરેલ છે. આ પરિચય મેળામાં ભાગ લેવા ઈચ્છતા પરિવારોએ બે દિવસ ગ્રાન્ટ હયાત મુંબઈ ખાતે સ્વખર્ચે રોકાવાનું રહેશે. આ માટે વધુ માહિતી માટે શ્રી હર્ષદભાઈ કારીયા, અમદાવાદનો સંપર્ક (મો. ૭૫૭૩૦૦૮૩૩૫) કરવો.

## પર્યાવરણ સમિતિ

નેશનલ વાઈલ્ડ લાઈફ ફોટો કોમ્પિટિશન લાઈવ ફોટોગ્રાફી શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા સમગ્ર દેશમાં વસતા તમામ રઘુવંશી ભાઈ-બહેનો માટે નેશનલ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા ૨ ઓક્ટોબરથી ૧૫ ડિસેમ્બર સુધી ચાલશે તેમાં ઉંમર પ્રમાણે ૩ વિભાગ રાખવામાં આવ્યા છે. તેમાં ભાગ લેવા ઈચ્છનાર વ્યક્તિએ પોતાના ફોટોગ્રાફ સંસ્થાને મોકલી આપવાના રહેશે તથા આ માટે વધુ માહિતી માટે પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીનો (મો. ૯૯૯૯૦૧૦૯૫૧) પર સંપર્ક કરવો.




**કૌશલ્ય વિકાસ સમીતી દ્વારા :** રાપર કન્યા છાત્રાલય ખાતે કૌશલ્ય વિકાસ કેન્દ્રનું ઉદઘાટન કર્યું હતું. જેમાં ભૂજના ધારસભ્ય શ્રી ડૉ. નિમાબેન આચાર્ય વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કર અને મંત્રી શ્રી હિમાંશુ ઠક્કર તથા અન્ય હોદેદારો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.





તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ને રવિવારના રોજ સવારે નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે સવારે ૯.૧૫ કલાકે રજિસ્ટ્રેશન તેમજ અલ્પાહાર બાદ શ્રી લોહાણા મહાપરિષદની ટ્રસ્ટ બોર્ડની મિટિંગ મળી હતી. આ મિટિંગમાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ગત વર્ષમાં મળેલા અનુદાન તેમજ અપાયેલ સહાય અને અન્ય નીતિવિષયક બાબતો ઉપર ચર્ચા કરી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે આગામી આયોજનો અંગે રજૂઆત કરી સૈદ્ધાંતિક મંજૂરી મેળવી હતી. આ મિટિંગમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ટ્રસ્ટીશ્રીઓ શ્રી યોગેશભાઈ એસ. લાખાણી, શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી ડૉ. હર્ષદભાઈ ખખ્ખર, સુશ્રી વિણાબેન પાંધી, સુશ્રી મીતાબેન મસરાણી, શ્રી મોહનભાઈ ઠક્કર, શ્રી મણિલાલભાઈ કાથરાણી તેમજ મંત્રીશ્રીઓ શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી પિયુષભાઈ ગંઠા તથા ખજાનચીશ્રીઓ શ્રી હિંમતભાઈ કોટક, શ્રી નીતીનભાઈ પાંધી અને માતૃસંસ્થાના ઓડિટર શ્રી વસંતભાઈ અનારકટ ઉપસ્થિત રહ્યા હતા. સવારે ૧૧.૦૦ કલાકે કારોબારી સમિતિની બેઠકના સત્ર - ૩ની રઘુવંશી ધ્વજવંદન ગીતથી શરૂઆત થઈ.



શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી



શ્રી ઉમંગભાઈ ઠક્કર

શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈ ટ્રસ્ટી મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ સૌનું ભાવભીનું સ્વાગત કર્યું ત્યારબાદ માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે પણ માતૃસંસ્થા વતી સૌને આવકાર્યા અને માતૃસંસ્થાની કાર્યપ્રવૃત્તિઓ અંગે ખુશી વ્યક્ત કરી શ્રી પ્રવિણભાઈ કોટક તેમજ શ્રી હિમાંશુભાઈ ઠક્કરને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. ગત્ નાણાંકીય વર્ષના ઓડિટેડ હિસાબોની રજુઆત ખજાનચીશ્રી હિંમતભાઈ કોટક તેમજ ઓડિટર શ્રી વસંતભાઈ અનારકટ દ્વારા કરી સભાની બહાલી મેળવવામાં આવી. વર્ષ ૨૦૧૬માં અપાયેલ એજ્યુકેશન સ્કોલરશિપ અંગેનો વિગતવાર અહેવાલ કન્વીનર શ્રી શશીકાંતભાઈ કાનાણી દ્વારા રજૂ કરવામાં આવ્યો. છેલ્લા મહિનાઓમાં થયેલી શ્રી લોહાણા મહાપરિષદની કાર્યપ્રવૃત્તિઓનો અહેવાલ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા રજૂ કરવામાં આવ્યો. અત્રે શ્રી હિમાંશુભાઈએ માતૃસંસ્થાના તમામ આયોજનોમાં તન, મન અને ધનથી સાથે રહી ઉત્સાહ વધારતા શ્રી હિંમતભાઈ કોટક, શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી રઘુવીરભાઈ ગઢિયા, શ્રી ધવલભાઈ આચાર્ય, શ્રી ભવાનભાઈ કોટક, શ્રી ભરતભાઈ માવાણી, શ્રી અંજનભાઈ કોટક, સોનલબેન અનડકટ, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રી જીતેન્દ્રભાઈ કારીયા, શ્રી શશીકાંતભાઈ કાનાણી, સુ શ્રી કાશ્મીરાબેન નથવાણી, શ્રી મિતલભાઈ ખેતાણી, શ્રી નીતીનભાઈ પાંધી, શ્રી મુકેશભાઈ કોટક, શ્રી નિખિલભાઈ સુબા, શ્રી યમેશભાઈ ઠકરાર, શ્રી હર્ષદરાય ઠક્કર, શ્રી શંભુભાઈ હરિયાણી, શ્રી ધર્મેશભાઈ ઠક્કર તેમજ સમગ્ર ટીમનો કોઈ પણ પ્રકારની અપેક્ષા વગરનો નિઃસ્વાર્થ સાથ-સહકાર અને સમર્પણ માટે પોતાની તાકાત બનવા માટે અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.









શ્રી લોહાણા મહાપરિષદના તમામ વિભાગના ઉપપ્રમુખશ્રીઓ શ્રી જીતુભાઈ ઠક્કર (મહારાષ્ટ્ર), શ્રી સુરેશભાઈ ચંદારાણા (સૌરાષ્ટ્ર), શ્રી કે. સી. ઠક્કર (કચ્છ), શ્રી ધનવાનભાઈ કોટક (ગુજરાત), શ્રી ભરતભાઈ ઠક્કર (મધ્ય ભારત), શ્રી મુકેશભાઈ સાગલાણી (દક્ષિણ ભારત), શ્રી વિનોદભાઈ ઠક્કર (ઉત્તર-પૂર્વ ભારત) દ્વારા પણ પોતપોતાની કાર્યપ્રવૃત્તિઓ અંગે રજુઆત કરવામાં આવી હતી. શ્રી લોહાણા મહાપરિષદના મુખ્ય ઉદ્દેશ્ય મહાજન સશક્તિકરણને વેગવાન બનાવવા આદર્શ મહાજન અંગે માર્ગદર્શિકા પ્રકાશિત કરવામાં આવી હતી અને મહાજન / સંસ્થા અંગે તમામ અપેક્ષિત માહિતીઓ આ ફોર્મમાં મેળવવા માટે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા વિધિવત્ રીતે તમામ ઉપપ્રમુખશ્રીઓને આ ફોર્મ અર્પણ કરાયા હતા.



શ્રી લોહાણા મહાપરિષદની પ્રાથમિક માહિતી તેમજ કાર્યપ્રવૃત્તિઓ અંગે સૌને જાણકારી મળે તે હેતુથી માતૃસંસ્થાનું બ્રોશર પણ આ મંચ ઉપરથી વિમોચીત કરાયું હતું. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે આ મિટિંગની યાદગીરી સ્વરૂપે અમદાવાદમાં ભાગવત્ વિદ્યાપીઠ સોલા ખાતે રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે અદ્યતન અતિથિભવનના નિર્માણ અંગેની જાહેરાત કરી હતી અને સૌ જ્ઞાતિશ્રેષ્ઠીઓને ઉદાર હાથે આ અભિયાનમાં જોડાવવા અપીલ પણ કરી હતી. અત્રે તલાલાના શ્રી યોગેશભાઈ ઉનડકટે એક રૂમનું સૌજન્ય તેમજ શ્રી સુભાષભાઈ રાજાણીએ પાંચ રૂમના સૌજન્ય માટે માધ્યમ બનવાની જાહેરાત કરી હતી. આજ રીતે આગામી વર્ષે માતૃગયા એટલે કે માતૃતર્પણ માટે વિશિષ્ટ ક્ષેત્ર સિધ્ધપુર મુકામે સમગ્ર વિશ્વની માતૃશક્તિઓના માતૃતર્પણ માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહના આયોજન અંગે પણ જાહેરાત કરાઈ હતી જેની વિગતવાર માહિતી તથા ઉદ્દેશ અંગે શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ)એ સંવેદનાસભર વક્તવ્ય આપી સૌમાં અનેરા ઉત્સાહની લાગણી જન્માવી હતી. પોથીની નોંધણી અંગે જાહેરાત થતાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (સંગઠન) શ્રી નીતીનભાઈ રાયચુરાએ રૂા. ૧૧,૦૦૦/-ની એક એવી ૫૦૦ પોથીની જવાબદારી સ્વીકારી હતી જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. આ ઉપરાંત તમામ વરિષ્ઠ હોદ્દેદારોએ ૧૦૦ પોથીઓની જવાબદારી સ્વીકારી તન, મન અને ધનથી આ અભિયાનમાં સમર્પણ ભાવે સહકાર આપવાની ખાત્રી આપી હતી. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે જણાવ્યું હતું કે, આ કથાને અંતે બચત થયેલ રકમ આરોગ્ય અને શિક્ષણના ઉમદા હેતુ માટે જ વાપરવામાં આવશે. આ જ રીતે શ્રી નીતીનભાઈ રાયચુરા તેમજ શ્રી હિંમતભાઈ કોટકે આગામી સમયમાં ખુબ જ ભવ્ય રીતે પૂ. જલારામ બાપાની રથયાત્રાનો સંકલ્પ જાહેર કર્યો હતો.












શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહન મળે તે માટે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના સ્વપ્નને સાકાર કરવા માટે સમાજના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનો પાસેથી અરજી મંગાવી પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી તેમને યુપીએસસીની કેન્દ્ર સરકારની પરીક્ષા અંગે સંપૂર્ણ રીતે મદદરૂપ થવાની તેમજ વિષય નિષ્ણાતો દ્વારા પ્રશિક્ષણ પૂરું પાડવાની યોજના જાહેર કરી હતી જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. પસંદગી માટે આ સમયે ફોર્મ પણ પ્રકાશિત કરી તમામ ઉપસ્થિત સભ્યોને કોપી આપવામાં આવી હતી. આગામી બે માસમાં આવા તેજસ્વી વિદ્યાર્થીઓના ફોર્મ માતૃસંસ્થાના કાર્યાલય પર મોકલી આપવા તમામ મહાજનશ્રીઓને અપીલ કરાઈ હતી. આ યોજના માટે જે પણ આર્થિક ખર્ચ આવે તેમાં ૧૦ વિદ્યાર્થીઓના સંપૂર્ણ ખર્ચની જવાબદારી સમાજશ્રેષ્ઠી શ્રી સતીષભાઈ વિઠલાણીએ જાહેર કરી હતી તેમજ ૧૦ વિદ્યાર્થીઓના સંપૂર્ણ ખર્ચની જવાબદારી સમાજશ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ જાહેર કરી હતી. આ સમયે એજ્યુકેશન સ્કોલરશિપ માટે રૂા. ૫ લાખનું અનુદાન શ્રી શિલ્પાંગભાઈ કારીયા તેમજ રૂા. ૫ લાખનું અનુદાન શ્રી પ્રદીપભાઈ સી. ઠક્કર તરફથી જાહેર કરાયું હતું જેને સૌ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી પ્રમુખ શ્રી દ્વારા સૌનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ સલાહકાર સમિતિના નામોની જાહેરાત કરી હતી અને માતૃસંસ્થા માટે તમામ કાર્યપ્રવૃત્તિઓમાં સર્વે પ્રકારે સાથે રહેવાની ખાત્રી આપી હતી. ટ્રસ્ટી મંડળ વતી શ્રી મણિલાલભાઈ કાથરાણીએ ખુબજ આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને સમગ્ર ટીમને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીએ શ્રી પ્રવિણભાઈ કોટકની નિપુણતાના ભારોભાર વખાણ કર્યા હતા અને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કાર્યપ્રવૃત્તિઓમાં જરૂર મુજબ યોગ્ય ફેરફારો કરવા માટે પણ સુચન કર્યું હતું. માતૃસંસ્થા દ્વારા જ્યારે મોટા પ્રોજેક્ટો હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે નાની રકમની જરૂરિયાતોમાં મહાજન સ્વાવલંબી બને તે માટે પણ તેમણે સૂચન કર્યું હતું આ ઉપરાંત વર્ષ દરમિયાન લગભગ લગભગ બધી જ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા સરસ્વતી સન્માન સમારંભની કાર્યપદ્ધતિ અને પ્રણાલિકામાં બદલાવ સાથે ફક્ત માર્કશીટ જ નહીં પરંતુ અન્ય શક્તિઓને પણ પ્રોત્સાહિત કરવા સુચન કર્યું હતું. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈના શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા, શ્રી મોહનભાઈ ઠક્કર, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી હિંમતભાઈ સોમૈયા, શ્રી હર્ષદભાઈ મણિયર તેમજ સમગ્ર ટીમ અને વિશેષમાં મહિલા મંડળને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.



શ્રી યોગેશભાઈ લાખાણી



શ્રી મણીલાલભાઈ કાથરાણી



શ્રી કે. સી. ઠક્કર



શ્રી નીતિનભાઈ રાયચુરા




શ્રી હિમંતભાઈ કોટક



શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ)



શ્રી શશીકાંતભાઈ કાનાણી



શ્રી સુરેશભાઈ ચંદારાણા



શ્રી વસંતભાઈ અનારકટ



શ્રી જિતેન્દ્ર ઠક્કર



આ સમયે શ્રી પ્રવિણભાઈએ પ્રમુખ થવા સમયે તત્કાલિન પ્રમુખ શ્રી યોગેશભાઈના શબ્દોને યાદ કરી પોતાની ટીમના સૌ હોદ્દેદારો ઉત્તમ સાધક બન્યા છે તેવું જણાવી પોતાની ટીમ માટે ગર્વની લાગણી અનુભવી હતી. સામાજિક સેવાના આ યજ્ઞમાં પોતાનું વિશેષ યોગદાન આપી રહેલા હોદ્દેદારોને નિમણૂંકમાં ફેરફાર કરી બઢતી આપી હતી તથા અન્ય જરૂરી ફેરફારો પણ જાહેર કર્યા હતા જેમાં નવી મુંબઈના શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયાને રાષ્ટ્રીય સંગઠનમાં મંત્રી તરીકે, મુંબઈના શ્રી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણીને મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, રાજકોટના શ્રી શિલ્પાબેન પુજારાને મહિલા વિભાગના રાષ્ટ્રીય મંત્રી, તલાલાના શ્રી યોગેશભાઈ ઉનડકટને પ્રોજેક્ટ ચેરમેન, શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ, શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાને માતૃસંસ્થાના ઉદ્ઘોષક, ડીસાના શ્રી નટુભાઈ આચાર્યને સામાજિક સુરક્ષા સમિતિના અધ્યક્ષ તેમજ અમદાવાદના શ્રી શિલ્પાંગભાઈ કારીયાને પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ તરીકે જાહેર કર્યા હતા. આ ઉપરાંત તમામ વિભાગના પ્રભારીશ્રીઓના કાર્યક્ષેત્રને બદલી જે તે વિભાગની કામગીરીનું તટસ્થ મૂલ્યાંકન થઈ શકે તે હેતુથી તેમને અન્ય વિભાગનો પ્રભાર સોંપવામાં આવ્યો હતો.

ભુવનેશ્વરના શ્રી હેમંતભાઈ કાથરાણીને દક્ષિણ ભારત, ડીસાના શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ)ને કચ્છ, જૂનાગઢના શ્રી ગીરીશભાઈ કોટેચાને ગુજરાત, મહારાષ્ટ્રના શ્રી ભરતભાઈ દનાણીને વિદર્ભ સહ મધ્યભારત, ભુજના શ્રી નરેન્દ્રભાઈ મેઘજીભાઈ ઠક્કરને સૌરાષ્ટ્ર, હૈદરાબાદના શ્રી રાજેશભાઈ રામાણીને મહારાષ્ટ્ર તથા રાયપુરના શ્રી કિશનભાઈ મિરાણીને ઉત્તર પૂર્વ ભારતનો પ્રભાર આપવામાં આવ્યો હતો.



કાર્યક્રમના અંત તરફ જતા બે દિવસનું આ સુંદર આતિથ્ય અને વ્યવસ્થા પૂરી પાડવા માટે માતૃસંસ્થા દ્વારા યજમાન સંસ્થા શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈના પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા તેમજ સમગ્ર ટીમનું મેમેન્ટો અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સમયે શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયાએ પણ સંસ્થાને આ તક મળવા બદલ ધન્યતાની લાગણી અનુભવી હતી. અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયેલી આ કારોબારી સભામાં ભારત ઉપરાંત અમેરિકા, યુ.કે. તેમજ આફ્રિકાના પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હતી. સત્ર-૨ તથા ૩નું સુંદર સંચાલન શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

જય રઘુવંશ..... જય મહાપરિષદ.....

-મધ્યસ્થ કાર્યાલય, શ્રી લોહાણા મહાપરિષદ













પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના ઉદ્દબોધન દરમિયાન નિમણૂંકોના ફેરફાર અંગે  જાહેરાત કરતાં મુંબઈના સુશ્રી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણીને મહિલા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, તાલાલાના શ્રી યોગેશભાઈ ઉનડકટને પ્રોજેક્ટ ચેરમેન, વલ્લભવિદ્યાનગરના શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાને માતૃસંસ્થાના ઉદ્દઘોષક, અમદાવાદના શ્રી જીતેન્દ્ર ઠક્કરને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ, ડીસાના શ્રી નટુભાઈ આચાર્યને સામાજિક સુરક્ષા સમિતિના અધ્યક્ષ, રાજકોટના સુશ્રી શિલ્પાબેન પૂજારાને મહિલા વિભાગના રાષ્ટ્રીય સંકલક, અમદાવાદના શ્રી શિલ્પાંગભાઈ કારીયાને પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ તરીકે જાહેર કર્યા હતા.



# તસવીરી ઝલક


શ્રી લોહાણા સમાજ - નવી મુંબઈ
ભાવભર્યું હાર્દિક સ્વાગત કરે છે.
વિશ્વભરના ૩૫ લાખ રઘુવંશી લોહાણાઓની
માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ







# મુંબઇ કારોબારી પછી સમીક્ષાની મીટીંગ

તા. ૨૪, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ની કારોબારી સમિતિની બેઠક પૂર્ણ થયા બાદ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર તથા ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીની ઉપસ્થિતિમાં તમામ વરિષ્ઠ તથા સ્થાનિક હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કારોબારી મિટિંગની સમીક્ષા અંગે તા. ૨ ઓક્ટોબર, ૨૦૧૬ને રવિવારના રોજ બેઠક યોજાઈ હતી જેમાં મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયેલી આ બેઠકમાં જેમણે જેમણે નિઃસ્વાર્થ ભાવે પોતાનું યોગદાન આપ્યું હતું તેવા મંત્રીમંડળની સમગ્ર ટીમ તથા મધ્યસ્થ કાર્યાલયના સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. આ ઉપરાંત નાની ક્ષતિઓ ઉપર પણ સૌના સૂચનો મેળવી તમામ જરૂરી બાબતો ઉપર વધુ ને વધુ ધ્યાન કેન્દ્રીત કરવા માટે સૌને ખાત્રી આપી હતી. શ્રી પ્રવિણભાઈ તથા શ્રી યોગેશભાઈએ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની અભૂતપૂર્વ ગતિએ થઈ રહેલી પ્રગતિને હકારાત્મક અભિગમથી વધાવવા અને ફક્ત ને ફક્ત સેવા અને સંગઠનને કેન્દ્રમાં રાખી વ્યક્તિગત ઉદ્દેશ, પ્રવચન, સ્ટેજ, મહત્ત્વાકાંક્ષાને સાઈડમાં મૂકી આગળ વધવા અપીલ કરી હતી જેને સૌએ ઉત્સાહપૂર્વક વધાવી હતી. આ સમયે લંડન તેમજ આફ્રિકાના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા જેમણે પણ આ મીટીંગમાં પોતાની ઉપસ્થિતિને યાદગાર ગણાવી હતી. બપોરે ૧.૩૦ કલાકે સૌ ભોજન-પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા. આ મીટીંગમાં શ્રી ભાવેશભાઈ લાખાણી, શ્રી આનંદભાઈ ગઢિયા, સુશ્રી સંધ્યાબેન ગંડેચા, શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી રઘુવીરભાઈ ગઢિયા, અંજનભાઈ કોટક, હર્ષદરાય ઠક્કર, નિમેષભાઈ માણેક, ભવાનભાઈ કોટક, જિતેન્દ્રભાઈ ઠક્કર, જીતુભાઈ ઠક્કર વગેરે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.





# રઘુવંશી સમાજની રાજકીય પ્રતિનિધિત્વ માટે રજૂઆત





રઘુવંશી સમાજનું સરકારમાં પ્રતિનિધિત્વ બને તે માટે વારંવાર સરકારશ્રીને રજૂઆત કરવામાં આવે છે આ અંગે શ્રી પરિમલભાઈ નથવાણી સાથે પણ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરની મુલાકાત થયા પછી શ્રી પરિમલભાઈ નથવાણીએ માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી. શ્રી પ્રવિણભાઈ તેમજ શ્રી પરિમલભાઈની આગેવાનીમાં શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ હોદ્દેદારોએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી નીતીનભાઈ પટેલ, શ્રી ભીખુભાઈ દલસાણિયા, શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, શ્રી જીતુભાઈ વાઘાણી તથા અન્ય રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં રઘુવંશી સમાજના પ્રતિનિધિત્વ માટે રજૂઆત કરી હતી અને રઘુવંશી સમાજના ધૈર્ય અને શક્તિનો ઉપયોગ વર્તમાન સરકારમાં થાય અને જનમાનસ અન્યત્ર વળાંક ન લે તે માટે સ્પષ્ટ શબ્દોમાં આ અંગે રજૂઆત થઈ હતી અને ખૂબ ટૂંક સમયમાં આ અંગે યોગ્ય નિર્ણય કરવા મક્કમ રજૂઆત કરી હતી.

## તા. ૨૭-૯-૨૦૧૬ ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે અતિથિ નિકેતન ગૃહનાં નવીનીકરણના કામનો શુભારંભ





અમદાવાદ ખાતે એસ.જી. હાઈવે પર આવેલ પૂ.કૃષ્ણશંકર શાસ્ત્રીજી (દાદાજી)ની ચેતનભૂમિ ઉપર આવેલા વર્ષો જૂના અતિથિ નિકેતન ગૃહને નવીનીકરણ તેમજ અદ્યતન સુવિધાઓથી સજ્જ બનાવવા માટે રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ સાથે સમજૂતીકરારથી આ કાર્ય આગળ ધપાવવા માટે તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ને રવિવારે નવી મુંબઈ મુકામે યોજાયેલ કારોબારી સમિતિની બેઠકમાં ટ્રસ્ટ બોર્ડ તેમજ કારોબારી સભાની બહાલી તેમજ શુભેચ્છા મળેલ છે. તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ ને મંગળવારના રોજ ભાગવત્ વિદ્યાપીઠ ખાતે પૂ. દાદાજીના શતાબ્દિ મહોત્સવ દરમિયાન પૂ.ભાઈશ્રીએ આ અતિથિનિકેતન ગૃહની મુલાકાત લઈ સેમ્પલ માટે બનાવેલા રૂમનું પ્રતિકાત્મક અનાવરણ કરી આ ભગીરથ કાર્ય ખૂબ ઝડપથી હાથમાં લેવાય અને થોડાક જ મહિનાઓમાં  સમાજ માટે ખૂલ્લું મુકાય તેવી શ્રદ્ધા સાથે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકને ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મુખ્યયમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ભગીરથ કાર્યમાં દાતાશ્રીઓને સ્વયંભૂ આગળ આવી યથોચિત્ રીતે સહકાર આપવા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તેમજ વરિષ્ઠ હોદ્દેદારોનો સંપર્ક કરવા નમ્ર અપીલ.

## સમગ્ર વિશ્વની માતૃશક્તિઓના માતૃતર્પણ અર્થે માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનું આયોજન



સમગ્ર વિશ્વની માતૃશક્તિઓને સમર્પિત માતૃતર્પણ અર્થે પૂ.રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી)ના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી સરસ્વતી નદીના પટમાં કરવાનું તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ને રવિવારના રોજ નવી મુંબઈ મુકામે યોજાયેલી કારોબારી સમિતિની બેઠકમાં પ્રસ્તાવિત થતા સમસ્ત કારોબારી સમિતિની બેઠકે  ઉત્સાહથી વધાવી અને સંપૂર્ણ સહયોગની ખાત્રી આપી હતી.  કથાના માતબર ખર્ચને પહોંચી વળવા શ્રી પ્રવિણભાઈ કોટકે જે સભ્યો માતૃતર્પણ કરાવવા ઈચ્છતા હોય તેમને રૂા. ૧૧,૦૦૦/- ના અનુદાનથી પોથી નોંધાવવા  અપીલ કરી હતી જેને પણ બહોળો પ્રતિસાદ મળ્યો હતો. રાજકોટના શ્રી નીતીનભાઈ રાયચુરાએ ૫૦૦ પોથીની જાહેરાત કરી હતી. આ અંગે વિગતવાર માહિતી આગામી અંકમાં પ્રસિદ્ધ કરી શ્રી રઘુકુળ વિશ્વના માધ્યમથી સૌને જાણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી યમેશભાઈ ઠકરારે સિધ્ધપુરની મુલાકાત લીધી હતી. અમદાવાદથી સાથે જોડાયેલ શ્રી જયનારાયણ વ્યાસના માર્ગદર્શન હેઠળ સ્થાનિક અગ્રણીઓ તેમજ રઘુવંશી સમાજના સભ્યો પણ સાથે જોડાયા હતા અને તમામ પ્રકારે સહયોગની ખાત્રી આપી હતી.

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th October 2016





**International Package**

Dubai
Singapore
Malaysia
Maldives
Thailand
Mauritius
Bali
Hongkong - Macau
U.S.A.
Europe
Australia
New Zealand
Turkey
Tashkent

**DIWALI**
**SPECIAL DEPARTURES**

DUBAI - 30 Oct / 31 Oct
5 Nights – 6 Days

SINGAPORE - MALAYSIA - 31 Oct
7 Nights - 8 Days

THAILAND - 30 Oct
5 Nights - 6 Days

**Domestic Package**

Jammu & Kashmir
Uttarakhand
Rajasthan
Goa
Gujarat
Maharashtra
South India
Kerala
Adlabs Imagica

**Special Group Tours**

Corporate Tours
Family Tours
Senior Citizen Tours
Couple Tours
Student Tours
Association Tours
Cultural Tours
Adventure Tours

**VISA**

DUBAI, U.K., U.S.A., NEW ZEALAND, CANADA, SCHENGEN, CHINA, MALAYSIA, AUSTRALIA, SINGAPORE, THAILAND, OMAN, QATAR, BAHRAIN,
All Country Visitor Visa (With Minimum Service Charge)

**Adventure Tours**

Trekking
Wild Life Safari
Mountaineering
Camping

**Our Services**



CALL NOW
75750 04917

**Head Office**
202, 3rd Eye II, Above Mc Donald's, Panchwati Cross Road, Ahmedabad - 380 006, Gujarat, India

**Dubai Office**
Bur Dubai, Dubai, U.A.E. (P. O. Box: 44103)

Ph. - + 91 79-3007 0000 ,+91 79- 2646 3010/ 11/12 Toll Free - 1800 121 0030
Email Id : info@worldtradetours.com | Web : www.worldtradetours.com


**President, Printer and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Tarun Dattani
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Satellite, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)